Annexure-3

# સુ ર ત મ હા ન ગ ર પા લિ કા

## –: જુદી જુદી ખાસ સમિતિઓના અધિકાર તથા કાર્ય પ્રદેશ :–

**વંચાણમાં લીધું :** (૧) સામાન્ય સભા ઠરાવ નં. ૩૫૮ (૧) થી ૩૫૮(૯)તા.૧૯–૧–૭૭
(૨) સામાન્ય સભા ઠરાવ નં. ૧૦૫, તા. ૨૦–૫–૭૮.
(૩) સામાન્ય સભા ઠરાવ નં. ૯૬, તા. ૪–૫–૮૫.
(૪) સામાન્ય સભા ઠરાવ નં. ૫૬, તા. ૨૭–૫–૮૮.
(૫) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૩૪૦, તા. ૮–૬–૭૯.
(૬) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૯૦, તા. ૨૬–૪–૮૮.
(૭) સામાન્ય સભા ઠરાવ નં. ૧૧૮, તા. ૧૦–૭–૮૯.
(૮) સામાન્ય સભા ઠરાવ નં. ૫૧૪, તા. ૧૬–૩–૯૧.
(૯) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૭૭૦, તા. ૩૦–૧૧–૯૫.
(૧૦) સામાન્ય સભા ઠરાવ નં. ૧૯૨, તા. ૨૨–૧૨–૯૫.
(૧૧) સામાન્ય સભા ઠરાવ નં. ૨૦૯/૯૬, તા. ૨૩–૪–૯૬.

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ,૧૯૪૯ની કલમ ૩૦(૧) અન્વયે નિયુકત થયેલ " આરોગ્ય સમિતિ " નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમ કલમ ૩૦(૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

| આઈટેમ | આરોગ્ય સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્રમર્યાદા | બો. પ્રો. મ્યુ. કો. એકટ ૧૯૪૯ની કલમ. |
|---|---|---|
| | **પ્રકરણ–૧૮** | |
| | **આરોગ્ય સંબંધી ઉપબંધો–મુડદાનો નિકાલ કરવા બાબતઃ–** | |
| ૧. | મુડદાંનો નિકાલ કરવા માટેની વર્તમાન જગ્યાઓ પૂરતી નથી એવું કોઈપણ વખતે જણાય અથવા કલમ ૩૨૩ના ઉપબંધો અન્વયે કોઈપણ જગ્યાના કામ માટે બંધ કરવામાં આવે તો શહેરની અંદર અથવા બહાર ઉકત હેતુ સારૂં બીજી યોગ્ય અને સગવડ ભરેલી જગ્યાઓનો પ્રબંધ કરવા બાબત. | ૩૨૧(૧) |
| ૨. | મુડદાંનો નિકાલ કરવા સારૂં નવી જગ્યા ખોલવા કમિશ્નર તરફથી પરવાનગી આપવા અથવા આપવાની ના પાડવાના હુકમને મંજુરી આપવા બાબત. | |
| | <u>પ્રકરણ–૧૯</u> | |
| બજારો અને કતલખાના :– | | |
| ૩. | મહાનગરપાલિકાનું નવું બજાર અથવા મહાનગરપાલિકાનું નવું કતલખાનું અથવા પશુ રાખવા તબેલા સ્થાપવાના હેતુ સારૂ અથવા મહાનગરપાલિકાનું કોઈપણ બજાર અથવા કતલખાનું વધારવા અથવા સુધારવા માટે કોઈપણ ઈમારત અગર જમીન બાંધવા, ખરીદવા પેટે લેવા અગર બીજી કોઈ રીતે સંપાદન કરવા બાબત.<br>નવા બજારો બાંધવા અને ચાલુ બજારોને સુધારવા બાબતની દરખાસ્તો જાહેર બાંધકામ સમિતિ મારફત મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી. | ૩૨૮(૧) |
| ૪. | મહાનગરપાલિકાનું કોઈપણ બજાર અથવા કતલખાનું અથવા પશુ રાખવાનો તબેલો અથવા તેનો કોઈપણ ભાગ બંધ કરવા બાબત. | ૨૨૯ |

| | | |
|---|---|---|
| ૫. | વખતો વખત જાહેર સુચના કાઢીને, સુચનામાં નિર્દિષ્ટ કરેલી જણસો અથવા તે જણસો અથવા તે જણસોમાંથી કોઈપણ જણસ જે સાધારણ રીતે મહાનગરપાલિકાના કોઈપણ બજારમાં વેચાતા હોય તેનું મહાનગરપાલિકાના બજારમાંથી ૫૦ વારની અંદર વેચાણ કરવાનો અથવા વેચાણ માટે ખુલ્લી મુકવાનો પ્રતિબંધ કરવા બાબત. | ૩૩૦(૧) |
| ૬. | કલમ ૩૩૦ (૧) અન્વયે કાઢેલી કોઈપણ સુચના રદ કરવા અથવા તેમાં ફેરફાર કરવાની કમિશ્નરની દરખાસ્ત મંજુર કરવા બાબત. | ૩૩૦(૨) |
| ૭. | શહેરના અંદર અથવા શહેરના કોઈપણ નિર્દિષ્ટ કરેલા ભાગની અંદર નવા ખાનગી બજારો સ્થાપવાના અથવા નવા ખાનગી કતલખાના સ્થાપવાની અથવા નિભાવવાની પરવાનગી આપવી કે કેમ તે બાબત નકકી કરવા બાબત. | ૩૩૧(૧) |
| ૮. | (૧) શહેરમાંના સંબંધી સાર્વજનિક રસ્તાઓ અને જગ્યાઓ પર પાણી છાંટવા,તેના પરથી કચરો કાઢવા,તે સાફ કરવા અને તે પરથી સઘળો કચરો લઈ જવા બાબત. | ૬૩(૨) |
| | (૨) મહાનગરપાલિકાના સફાઈ માટેના સેવક વર્ગ સારૂં નિવાસ્થાનો બાંધવા બાબત. | ૬૩(૨૩) |
| | (૩) પાણી, ખોરાક અથવા ઔષધોની તપાસ અથવા પૃથ્થકરણ માટે, રોગો શોધી કાઢવા માટે અથવા લોકસ્વાસ્થ્ય સાથે સંબંધ ધરાવતાં સંશોધનો માટે રસાયણિક અથવા જીવાણું વિજ્ઞાન વિષયક પ્રયોગ શાળાઓના સંઘટન બાબત. | ૬૬(૪) |
| | (૪) શહેરના રહેવાસીઓના લાભ માટે દૂધ અથવા દૂધની બનાવટો પૂરી પાડવા, તેની વહેંચણી કરવા, અને તે પર પ્રક્રિયા કરવા માટે શહેરમાં શહેર બહાર દુગ્ધાલયો અથવા પ્રક્ષેત્રો બાંધવા બાબત. | ૬૬(૬) |
| | (૫) જીવન વિષયક આંકડાની બરાબર નોંધ થાય તેવી માહિતી આપવા બદલ ઈનામો આપવા બાબત. | ૬૬(૨૮) |
| | (૬) કચરો તથા મિશ્ર ખાતર જેના કિંમત રૂા.૫૦૦/- કરતા વધારે ત્યારે કોર્પોરેશને બહાલી રાખી હોય તેવી શરતોએ વેચવા બાબત. | |

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ આરોગ્ય સમિતિ સમક્ષ મુકવી અને એ સમિતિની ભલામણો સાથે તે મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચે પેરા ત્રણમાં દર્શાવેલા પ્રસંગો બાબતમાં આરોગ્ય સમિતિને જે યત્તા સુધીના છેવટની સત્તા સુપ્રત કરવામાં આવી છે તે યત્તા સુધીના કામની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહિ.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને અને ફરજો આરોગ્ય સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ ૩૦ ની પેટા કલમ (૬)ના પહેલા પરંતુ ક માં નિર્દિષ્ટ કર્યા મુજબ આરોગ્ય સમિતિના કુલ સદસ્યોના ઓછામાં અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | એકટની કલમ |
|---|---|---|
| (૧) | જો કામનો ખર્ચ રૂપિયા પાંચ લાખથી વધતો ન હોય અને ચાલુ વર્ષના અંદાજપત્રમાં તેની જોગવાઈ કરેલી હોય તો મહાનગરપાલિકાનું કોઈપણ બજાર અથવા કતલખાનુ વધારવા અથવા સુધારવાના કામો.<br>માર્કેટ અંગેના કામો બાબત જાહેર બાંધકામ સમિતિની પુર્વ મંજૂરી મેળવવાની રહેશે. | ૩૨૮(૧) |
| (૨) | વખતો વખત જાહેર સુચના કાઢીને સુચનામાં નિર્દિષ્ટ કરેલી જણસો અથવા તે જણસોમાંથી કોઈપણ જણસ જે સાધારણ રીતે મહાનગરપાલિકાના કોઈપણ બજારમાં વેચાતી હોય તેનું મહાનગરપાલિકાના બજારની ૫૦ વારની અંદર વેચાણ કરવાનો અથવા વેચાણ માટે ખુલ્લી મુકવાનો પ્રતિબંધ કરવા બાબત. | ૩૩૦(૧) |
| (૩) | કલમ ૩૩૦(૧) અન્વયે કાઢેલી કોઈપણ સુચના રદ કરવા અથવા તેમાં ફેરફાર કરવાની કમિશ્નરની દરખાસ્ત મંજૂર કરવા બાબત. | ૩૩૦(૨) |
| | **<u>સામાન્ય</u>** | |
| (૪) | જો અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તો આરોગ્ય સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટેમ અંગે રૂા.૫,૦૦,૦૦૦/–સુધીના ખર્ચ તેમજ અંદાજ મંજૂર કરવાની સત્તા. | |
| (૫) | સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સ્થાયી સમિતિએ સુધીના કરાર કરવાની મંજૂરી આપવાનીસત્તાકલમ૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા. | |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | અધિકાર સુપ્રત કરવાના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|
| ૧. | અગાઉના ફકરાઓમાં જણાવેલા આરોગ્ય સમિતિના હકુમતમાં સુપ્રત કરેલ કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પર પોતાના શેરો મોકલવાનું કમિશ્નરને ફરમાવવાના અધિકાર. | ૭૧(૧)ક |

———————*———————

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૩૦(૧) અન્વયે નિયુકત થયેલ "જાહેર બાંધકામ સમિતિ" નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦(૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

| આઈટેમ | જાહેર બાંધકામ સમિતિના કામકાજ અને પ્રકાર અને ક્ષેત્ર મર્યાદા. | બો. મ્યુ. પ્રો. કો. એકટ ૧૯૪૯ની કલમ |
|---|---|---|

**પ્ર ક ર ણ – ૧૪**

**રસ્તાનોઃ–**

| | | |
|---|---|---|
| | રસ્તાઓ બાંધવા, નિભાવવા અને સુધારવા બાબત. | |
| (૧) | પ્રસંગ અનુસાર જરૂરી હોય તે પ્રમાણે મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલા સઘળા સાર્વજનિક રસ્તાઓ સપાટ કરાવવા, તેમાં કાંકરા પુરાવવા, અથવા ફરસબંધી કરાવવા,પાણીનો નિકાલ કરવા સારુ નીક બંધાવવી, ફેરફાર કરાવવો અને તેનીમરામત કરાવવી અને તેનો કોઈપણ રસ્તો વિસ્તૃત કરવો અથવા બીજી રીતે સુધારવો અથવા તેની જમીન ઉંચી અથવા નીચી કરાવવી અથવા તેમાં ફેરફાર કરાવવો અને રાહદારીઓની સુરક્ષિતતા માટે વાડો અને થાંભલા મુકવા અને તેની મરામત કરાવવી. | ૨૦૩(૧) |
| (૨) | પુલો અને પેટા માર્ગો બાંધવા. | ૨૦૫(ક) |

**મારકેટોઃ–**

| | | |
|---|---|---|
| (૩) | નવી મારકીટો બનાવવી અથવા તો મારકીટોમાં સુધારા વધારા કરવા.આ દરખાસ્તો આરોગ્ય સમિતિની ભલામણ સાથેની હોવી જોઈએ. | ૩૨૮(૧) |
| (૪) | ગોપીતળાવ તથા તેના આજુબાજુના વિસ્તારને વિકસાવવાની યોજનાની વિચારણા કરવી. | |

**સા મા ન્ય**

| | | |
|---|---|---|
| (૫) | ૧. પ્રાથમિક શિક્ષણ માટે શાળાના મકાનો બાંધવા. | ૬૩(૧૫) |
| | ૨. સુધરાઈ કચેરી માટે મકાનો બાંધવા. | |
| | ૩. દુષ્કાળ અને અછતના વખતે રાહત માટેના કામો સ્થાપવા. | ૬૩(૨૫) |
| | ૪. સ્નાનાગારો બાંધવા. | ૬૬(૫) |
| | ૫. નાટયગૃહો, વિશ્રાંતીગૃહો અને બીજી સાર્વજનીક ઈમારતો. | ૬૬(૧૪) |
| | ૬. ભાડે ફરતી ગાડીઓ અથવા ગાડીઓ અથવા ગાડામાં વપરાતા ઘોડા,ટટ્ટુઓ અથવા ઢોર અથવા દુધાળી ગાયો માટે આરોગ્યવર્ધક તબેલા અથવા ગૌશાળા બાંધવા અથવા ખરીદવા બાબત. | ૬૬ (૩૭) |

૨. ઉપર જણાવેલ કલમોમાં નિર્દિષ્ટ કરેલ બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ જાહેર બાંધકામ સમિતિ સમક્ષ મુકવા અને એ સમિતિની ભલામણો સાથે આવી દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચે ફકરા ત્રણમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે જાહેર બાંધકામ સમિતિને જે અત્યાર સુધીની છેવટની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે તે અત્યાર સુધીના કામની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહિ.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ ૩૦ (૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો જાહેર બાંધકામ સમિતિને સુપ્રત કરે છે અને નિર્દિષ્ટ કરે છે કે અધિનિયમની કલમ ૩૦ની પેટા કલમ(૬) ના પહેલા પરંતુ 'ક ' માં નિર્દેશ કર્યા મુજબ જાહેર બાંધકામ સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના નિર્ણયો ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | અધિનિયમની કલમ |
|---|---|---|
| **પ્રકરણ—૧૪** | | |
| **રસ્તાઓઃ—** | | |
| | (રસ્તાઓ બાંધવા, સુધારવા અને નિભાવવા બાબત) | |
| (૧) | (અ) મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલા સઘળા સાર્વજનિક રસ્તાઓ સપાટ કરાવવા. તેમાં કાંકરા પુરાવવા અથવા ફરસંબંધી કરાવવી, પાણીનો નિકાલ કરવા સારૂ નીક બંધાવવી, ફેરફાર કરાવવો અને તેની મરામત કરાવવા,વિસ્તૃત કરાવવા,બીજી રીતે સુધારવા અથવા તેમાં ફેરફાર કરાવવો.<br>(બ) જો કામનો ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/—થી વધતો ન હોય તો પુલો અને પેટા માર્ગો બાંધવાં. | ૨૦૩(૧) |
| <u>બજારોઃ—</u> | | |
| (૨) | જો કામનો ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/—થી વધતો ન હોય અને તે કામ માટે ચાલુ નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં જોગવાઈ કરલી હોય અને તેવી દરખાસ્તને મહાનગરપાલિકાએ વહીવટી બહાલી આપેલી હોય તો નવા બજારો બાંધવા અથવા બજારોમાં સુધારો કરવો. | ૩૨૮(૧) |
| | **<u>સા મા ન્ય</u>** | |
| (૩) | અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તેવી જાહેર બાંધકામ સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટેમ અંગે રૂા. ૫,૦૦,૦૦૦/— સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજૂર કરવાની સત્તા. | સ્થાયી સમિતિએ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલા સત્તા. |
| (૪) | સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા. ૫,૦૦,૦૦૦/— સુધીના કરાર કરવાની મંજુરી આપવાની સત્તા. | |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને મર્યાદા | કાયદાની કલમ |
|---|---|---|
| (૧) | અગાઉ ફકરાઓમાં જણાવેલ જાહેર બાંધકામ સમિતિના હકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્રસાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પર પોતાનો શેરો કરીને મોકલવાનું કમિશ્નરને ફરમાવવાના અધિકાર. | ૭૧(૧)(ક) |

---------*---------

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૩૦(૧) અન્વયે નિયુકત થયેલ "પાણી સમિતિ"નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦(૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

---

| આઈટેમ | પાણી સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્ર મર્યાદા | બો.પ્રો.મ્યુ.કો. એકટ ૧૯૪૯ની કલમ |
|---|---|---|
| (૧) | (અ) શહેરની અંદર અથવા બહાર પાણીના કામો બાંધવાનુ સારી સ્થિતિમાં નિભાવવાનું ,તેમાં ફેરફાર કરવાનુ,તે સુધારવાનું અને વિસ્તૃત કરવાનું અને બીજા જરૂરી કોઈપણ કૃત્યો કરવાનું. | ૧૮૯(૨) |
| | (બ) શહેરના અંદર અથવા બહાર કોઈપણ પાણીનું કામ અથવા પાણી ભરી રાખવાનો અથવા લાવવાનો અને લઈ જવાનો હક ખરીદવા અથવા પટે લેવા બાબત. | |
| | (ક) પાણી પુરવઠા માટે કોઈપણ શખ્સ સાથે ગોઠવણ કરવા બાબત. | |
| (૨) | શહેરના રહેવાસીઓના મફત ઉપયોગ માટે પાણી પૂરું પાડવાના નવા સાર્વજનિક પાણી પીવાના ફુવારા, તળાવો, જળાશયો, ટાંકાઓ,પંપો, કુવાઓ,નલિકાઓ અને કામો બાંધવા બાબત. | ૧૯૬(૨) |
| (૩) | શહેરના રહેવાસીઓના મફત ઉપયોગ માટે પાણી પુરું પાડવાની વર્તમાન સાર્વજનિક પાણી પીવાના ફુવારા, તળાવો, જળાશયો, ટાંકાઓ,પંપો,કુવાઓ,નલિકાઓ અને કામો પુર્ણત (અથવા અંશત) કાયમને માટે બંધ કરવા બાબત. | ૧૯૬(૩) |
| (૪) | શહેર બહારના કોઈપણ સ્થાનિક પ્રાધિકારી અથવા શખ્સને સામાન્યતઃ અથવા ખાસ કરીને મહાનગરપાલિકાના પાણીના કામમાંથી પાણી પુરું પાડવાની મુદત બાબતની અને પાણીના પૈસા આપવા બાબતની અને પુરવઠાની શરતોની બોલીઓ નકકી કરવા બાબત. | ૨૦૧ |

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેના દરખાસ્તો સૌ પ્રથમ વોટર વર્કસ સમિતિ સમક્ષ રજુ કરવા અને એ સમિતિના ભલામણો સાથે આવી દરખાસ્ત મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચેના ફકરા ત્રણમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે પાણી સમિતિને જે સત્તા સુધીના છેવટની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે તે સત્તા સુધીના કામોની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહિ.

૩. વધુમાં ઠરાવવામાં આવે છેકે અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાની નીચેના અધિકારો અને ફરજો પાણી સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ ૩૦ ની પેટા કલમ(૬)ના પહેલા પરંતુ ક માં નિર્દેશ કર્યા મુજબ પાણી સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના નિર્ણયો ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|
| **<u>પ્રકરણ–૧૩</u>** | | |
| **પાણી પુરવઠો :–** | | |
| (૧) | જો કામનો ખર્ચ રૂા.૫,૦૦,૦૦૦/–થી વધતો ન હોય અને ચાલુ વર્ષના અંદાજપત્રમાં જેની જોગવાઈ કરેલી હોય તો શહેરની અંદર અથવા બહાર પાણીના કામો બાંધવાનું, સારી સ્થિતિમાં નિભાવવાનું, તેમાં ફેરફાર કરવાનું, તે સુધારવાનું અને વિસ્તૃત કરવાનું અને બીજા જરૂરી કોઈપણ કૃત્ય કરવાનું. | ૧૮૯(૨)(અ) |
| (૨) | જો કામનો ખર્ચ રૂા.૫,૦૦,૦૦૦/– થી વધતો ન હોય અને ચાલુ વર્ષના અંદાજપત્રમાં જેની જોગવાઈ કરેલી હોય તો શહેરની અંદર અથવા બહાર કોઈપણ પાણીનું કામ અથવા પાણી ભરી રાખવાનો અથવા લાવવાનો અને લઈ જવાનો હક ખરીદવા પટે લેવા બાબત. | ૧૮૯(૨)(બ) |
| (૩) | પાણી મીટર ધ્વારા માપથી આપવા માટે સામાન્ય રીતે જે દર નકકી થયેલા હોય તેના કરતાં ઓછા નહી એવા દરથી પાણી પુરું પાડવા માટે કોઈપણ શખ્સ સાથે કરાર કરવા. | |
| (૪) | જો કામનો ખર્ચ રૂા.૫,૦૦,૦૦૦/– કરતાં વધુ થતો ન હોય અને ચાલુ વર્ષના અંદાજપત્રમાં તેની જોગવાઈ કરેલી હોય તો શહેરના રહેવાસીઓના મફત ઉપયોગ માટે પાણી પુરૂં પાડવાના નવા સાર્વજનિક ફુવારા, તળાવો, જળાશયો, ટાંકીઓ, પંપો, કુવાઓ, નળિકાઓ અને કામો બાંધવા. | |
| | **<u>સામાન્ય</u>** | |
| (૫) | અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તેવી પાણી સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટમ અંગે રૂા.૫,૦૦,૦૦૦/– સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજુર કરવાની સત્તા. | |
| (૬) | સમિતિને સોંપેલ કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધીના કરાર સ્થાયી સમિતિએ કરવાની મંજુરી આપવાની સત્તા. | કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા. |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પાણી સમિતિને પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને મર્યાદા | એકટની કલમ |
|---|---|---|
| (૧) | ઉપર જણાવેલા ફકરાઓમાં જણાવેલા પાણી સમિતિની હુકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી પોતાનો શેરો કરીને મોકલવાનું કમિશ્નરને ફરમાવવાના અધિકાર. | ૭૧(૧) (ક) |

મુંબઈ પ્રાંતિક મહાનગરપાકિ અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૩૦ (૧) અન્વયે નિયુકત થયેલ " નગર નિયોજન સમિતિ " નામની ખાસ સમિતિના સરહદુ અધિનિયમની કલમ ૩૦ (૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

| આઈટેમ | નગર નિયોજન સમિતિનો કામકાજનો પ્રકાર અને ક્ષેત્ર મર્યાદા | ગુ. ટા. પ્લા. એકટ ૧૯૭૬ની કલમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| * | (સામાન્યસભા ઠરાવ નં.૨૦૯/૯૬,તા.૨૩–૪–૯૬) ૭૧(૧)(બ)ની સત્તા | |
| * | (સામાન્યસભા ઠરાવ નં.૯૬,તા.૪–૫–૮૫ અન્વયે ) | |
| ૧. | યોજના કરવાનો ઈરાદો જાહેર કરવાના ઠરાવ કરવાની સમુચિત સત્તા મંડળની સત્તા. | ૪૧(૧) |
| ૨. | યોજનાનો મુસદ્દો ઘડી પ્રસિધ્ધ કરવા બાબત. | ૪૨(૧) |
| ૩ | યોજનાનો મુસદ્દો સુધારા તથા વાંધા સહિત રાજય સરકારને મંજૂરી માટે સાદર કરવા બાબત. | ૪૮(૧) |
| ૪ | યોજનાના મુસદ્દા સામેના વાંધા ઉપર વિચારણા કરવા બાબત. | ૪૭ |
| ૫ | યોજના પાછી ખેંચી લેવા બાબત. | ૬૬(૧) |
| ૬ | ભુલ, અનિયમસરતા અથવા અવિધિસરતાને કારણે યોજનામાં ફેરફાર કરવાની સત્તા. | ૭૦ |
| ૭ | બીજી યોજનાથી નગર રચનાની યોજનામાં ફેરફાર બાબત. | ૭૧ |
| ૮ | વિનિયમો સુધારવા બાબત | ૭૨ |
| ૯ | વિકાસ ચાર્જ લેવા બાબત સામાન્યસભાને ભલામણ કરવાની સત્તા. | ૯૯ |
| ૧૦ | વિનિયમો કરવાની સત્તા. | ૧૧૯(૧) |
| ૧૧ | જેમાં અગાઉ બાંધકામ કરેલ હોય કે ન હોય તે ક્ષેત્રોમા નવા સાર્વજનિક રસ્તાઓ આંકવા બાબત અને તે હેતુ માટે તથા તેવા રસ્તા અથવા રસ્તાઓની બાજુ પર ઈમારતો બાંધવા અથવા તેમના આંગણા માટે જોઈતી જમીન સંપાદન કરવા બાબત. | ધી.બી.પી. એમ.સી.એકટ૧૯૪૯ની કલમ ૬૬(૩૪) |
| ૧૨ | નિરાધાર અથવા ઘરબાર વગરના શખ્સોને આશ્રય આપવાનો પ્રબંધ કરવા બાબત. | ૬૬(૩૬) |

| | | |
|---|---|---|
| ૧૩ | મકાનો તથા જમીનોની માપણી કરવા બાબત. | ૬૬(૩૮) |
| ૧૪ | પ્રકરણ ૧૬ હેઠળ તૈયાર કરવાની યોજના બાબતમાં સ્થાવર મિલ્કતના સંપાદન કરવાની અને ધારણ કરવાની સત્તા. | ૭૬(૧) |
| ૧૫ | પ્રકરણ ૧૬ હેઠળ તૈયાર કરવાની યોજના બાબતમાં સ્થાવર મિલ્કતના સંપાદન કરવાની અને ધારણ કરવાની સત્તા. | (સી) |
| ૧૬ | યોજનામાં કયા કામોનો સમાવેશ કરવાનું યોજયું છે. તે કયા ક્ષેત્રને લાગુ થાય છે તે અને ઉકત ક્ષેત્રનો નકશો જે જગ્યાએ સઘળ વ્યાજબી વખતે જોઈ શકાય તે જગા નિર્દિષ્ટ કરતી અધિસુચનાની અનુમતિ આપવા બાબત. | ૨૭૦(૧) |
| ૧૭ | સુધારણા યોજનામાં સમાવિષ્ટ કરેલા ક્ષેત્રની હદમાંના અથવા બહારના ક્ષેત્રોમાં માપણી કરાવવાનું મંજુર કરવા બાબત. | ૨૭૦(૩) |
| ૧૮ | સુધારણા યોજનાની અધિસુચનામાં સમાવિષ્ટ કરેલી જમીનઉપર ઈમારતનું બાંધકામ ચાલુ હોવાનું સાબિત થાય તેવાપ્રસંગે તે જમીન સંપાદન કરવાનું અથવા સંપાદન કરવાની દરખાસ્ત પાછી ખેંચી લેવાનો નિર્ણય કરવા બાબત. | ૨૭૩ |
| ૧૯ | સુધારણા યોજનાની અધિસુચનામાં સમાવિષ્ટ કરેલી જમીનના માલિક તરફથી સુચના મળે તેવા પ્રસંગે તે જમીન સંપાદન કરવી અથવા જમીન સંપાદન કરવાની દરખાસ્ત પાછી ખેંચી લેવી તે અંગેનો નિર્ણય કરવા બાબત. | ૨૭૪ |
| ૨૦ | સુધારા યોજના વિચારમાં લેવી અને તે મંજૂર કરવી અથવા નામંજૂર કરવા બાબત | ૨૭૬ |
| ૨૧ | કલીયરન્સ સ્કીમનો ખરડો મંજૂર કરવા અને એકટની કલમ ૨૮(૨)ની જરૂરીયાતો સંતોષાયા બાદ તે વિસ્તારને કલીયરન્સના વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત. | ૨૮૦(૧) |
| ૨૨ | રાજય સરકારની સંમતિ માટે રજુ કરવાના કલીયરન્સના ઓર્ડરને અનુમતિ આપવા બાબત. | ૨૮૧ |
| ૨૩ | કલીયરન્સના વિસ્તારમાં આવેલ જમીન તેમજ તે વિસ્તારની આજુબાજુના વિસ્તારોની એવી બીજી જમીન સુધ્ધાં ફરજિયાત રીતે સંપાદન કરવાની સત્તા આપતા હુકમને અનુમતિ આપવા બાબત. | ૨૮૪ |
| ૨૪ | પુર્નસુધારણા યોજનાનો ખરડો મંજુર કરવા અને એકટની કલમ ૨૮૪(ઈ)(૩)ની જરૂરીયાતો સંતોષાયા બાદ તે વિસ્તારને પુર્નસુધારણા વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત. | ૨૮૪(ઈ) |
| ૨૫ | રાજયસરકારની સંમતિ માટે રજુ કરવાના પુર્નસુધારણા પ્લાનને બહાલી આપવા. | ૨૮૪(એફ) |
| ૨૬ | પુર્નસુધારણા વિસ્તારમાં બાંધકામ કરવાની પરવાનગી આપવા બાબતમાં સામાન્ય અથવા ખાસ શરતો અંગે મંજૂરી આપવા. | ૨૮૪(જી) |
| ૨૭ | પ્રકરણ ૧૬ હેઠળ તૈયાર કરવાની યોજના અંગે મહાનગરપાલિકાના નીતિવિષયક નિર્ણયો, મંજૂરી કે બહાલી મેળવવાની હોય તે તમામ બાબતો. | |

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ નગર નિયોજન સમિતિ સમક્ષ રજુ કરવી અને એ સમિતિએ કરેલી ભલામણ સાથે કોર્પોરેશન સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચેના ફકરા ત્રણમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે નગર નિયોજન સમિતિને જે સત્તાસુધીની છેવટની સત્તા સુપ્રત કરવામાં આવી છે તેસત્તા સુધીના કામોની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહિ.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો નગર નિયોજન સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ ૩૦ની પેટા કલમ (૬)ના પહેલા પરંતુ ક માં નિર્દેશ કર્યા મુજબ નગર નિયોજન સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સભ્યોના ટેકાથી નિર્ણય લેવાયો હોય તેવા નિર્ણયો છેવટના નિર્ણયો ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | બો.પ્રો.મ્યુ.કો. એકટની કલમ |
|---|---|---|
| ૧. | યોજનામાં કયા કામોનો સમાવેશ કરવાનું યોજયું છે તે કયા ક્ષેત્રને લાગુ થાય છે તે, અને ઉકત ક્ષેત્રનો નકશો જે જગાએ સઘળા વ્યાજબી વખતે જોઈ શકાય તે જગા નિર્દિષ્ટ કરતા અધિસુચનાની અનુમતિ આપવા બાબત | ૨૭૦(૧) |
| ૨. | સુધારણા યોજનામાં સમાવિષ્ટ કરેલા ક્ષેત્રની હદમાંના અથવા બહાર ક્ષેત્રોમાં માપણી કરાવવાનું મંજૂર કરવા બાબત. | ૨૭ ૦(૩) |
| ૩. | સુધારણા યોજનાની અધિસુચનામાં સમાવિષ્ટ કરેલી જમીન ઉપર ઈમારતનું બાંધકામ ચાલુ હોવાનું સાબિત થાય તેવા પ્રસંગે તે જમીન સંપાદન કરવાની દરખાસ્ત પાછી ખેંચી લેવાનો કોર્પોરેશનની છેવટની મંજુરીને આધીન નિર્ણય કરવા બાબત. | ૨૭ ૩ |
| ૪. | યોજનામાં સમાવિષ્ટ કરેલી જમીનના માલિક તરફથી સુચનો મળે તેવા પ્રસંગે તે જમીન સંપાદન કરવાની દરખાસ્ત પાછી ખેંચી લેવાના કોર્પોરેશનના છેવટની મંજૂરીને આધિન નિર્ણય કરવા બાબત. | ૨૭૪ |
| ૫. | કલીઅરન્સ સ્કીમનો ખરડો મંજૂર કરવા એકટની કલમ ૨૮૦(૨)ની જરૂરીયાતો સંતોષાયા બાદ તે વિસ્તારને કલીઅરન્સ વિસ્તાર તરીકે જાહેર કરવા બાબત. | ૨૮૦(૨) |
| ૬. | પુનઃસુધારણા યોજનાનો ખરડો મંજૂર કરવા એકટની કલમ ૨૮૪(ઇ)(૩)ની જરૂરીયાતો સંતોષાયા બાદ તે વિસ્તારને પુનઃસુધારણા વિસ્તાર તરીકે જાહેર કરવાબાબત. | ૨૮ ૪(ઈ) |
| ૭. | પુનઃસુધારણા વિસ્તારમાં બાંધકામ કરવાની પરવાનગી આપવા બાબતમાં સામાન્ય | |
| ૮. | અથવા ખાસ શરતો અંગે મંજૂરી આપવા બાબત | ૨૮૪(જી) |
| ૯. | યોગ્યવર્ગને રહેઠાણની સગવડો આપવા અંગેનો વિસ્તાર નકકી કરવા તેમજ કલમ૨૮૪(આઈ)(૧)ની પેટા કલમ (એ) (બી)અને (સી)માં જણાવ્યા મુજબ બીજી એવી સગવડો આપવા કમિશ્નર ને સત્તા આપવા. | ૨૮ ૪(આઈ) |

## સામાન્ય

૯. ચાલુ વરસના બજેટમાં જોગવાઈ કરેલી હોય અને રૂા.૫,૦૦,૦૦૦/– કરતાં વધુ ખર્ચ થતો ન હોય તો ઉપર જણાવેલ કોઈપણ આઈટેમના અંદાજો અને ખર્ચ મંજૂર કરવાની સત્તા.

| | | |
|---|---|---|
| ૧૦. | સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા. ૫,૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજૂરી આપવાની સત્તા. | સ્થાયી સમિતિ એ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | બો.પ્રો.મ્યુ.કો. એકટની કલમ |
|---|---|---|
| ૧. | ઉપર જણાવેલ ફકરાઓથી નગર નિયોજન સમિતિની હકુમતમાં સુપ્રત કરેલાં કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય પર પોતાનુ નિવેદન મોકલવાનું અથવા પોતાનાતાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી પોતાના શેરો કરીને મોકલવાનું કમિશ્નરશ્રીને ફરમાવવાનો અધિકાર. | ૭૧(૧)(ક) |
| ૨. | આ અધિનિયમના વહીવટને લગતી અથવા શહેરના મ્યુ.વહીવટને લગતી કોઈપણ  બાબતને લગતા અથવા તે સાથે સંબંધધરાવતા કોઈપણ પત્રક, નકશો, અંદાજ, વિવરણપત્રક, હિસાબ અથવા આંકડા પુરા પાડવાનું. | ૭૧(૧)(બી) |

મુબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ની કલમ ૩૦(૧) અન્વયે નિયુકત થયેલ"સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ" નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦(૨) હેઠળ નીચે મુજબનાઅધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

| આઈટેમ | સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્રમર્યાદા | બો.પ્રો.મ્યુ.કો. એકટની ૧૯૪૯ની કલમ |
|---|---|---|

## પ્રકરણ–૧૯

(૧) અશકત, માંદા અથવા અસાધ્ય રોગવાળા શખ્સોના સંભાળમાટે અથવા આંધળા,બહેરા મૂંગા અને બીજી રીતે અપંગ હોય તેવા શખ્સોના અથવા ખોડખાપણવાળા બાળકોની સંભાળ અને પ્રશિક્ષણ માટે શહેરમાં અથવા શહેર બહાર સંસ્થાઓના પર્યટન બાબત. ૬૬(૧)

(૨) નિરાધાર અથવા ઘરબાર વગરના શખ્સોને આશ્રય આપવાનો પ્રબંધ કરવા બાબત અને ગરીબો માટે કોઈપણ પ્રકારની રાહતનો પ્રબંધ કરવા બાબત. ૬૬(૩૬)

### સામાન્ય

| | | |
|---|---|---|
| (૧) | મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલા સ્મારકો અને ખુલ્લીજગ્યાઓ નિભાવવા બાબત. | ૬૩(૮) |
| (૨) | લોકો માટે સંગીતનો પ્રબંધ કરવા બાબત. | ૬૬(૯) |
| (૩) | પ્રદર્શનો ભરવા તથા વ્યાયામ અથવા રમત ગમતના પ્રયોગોરાખવા બાબત. | ૬૬(૧૧) |
| (૪) | પુસ્તકાલયો,સંગ્રહસ્થાનો, આર્ટગેલેરીઓ, વનસ્પતિ અથવા પ્રાણીઓનાસંગ્રહસ્થાનો સ્થાપવા અથવા તેને મદદ કરવા બાબત અને તેને માટે ઈમારતો ખરીદવા અથવા બાંધવા બાબત. | ૬૬(૨૨) |
| (૫) | લોકોના શિક્ષણમાં અભિવૃદ્ધિ કરે એવો સેકશન ૬૬ની પેટા કલમ ૧ થી ૪૧માં વિશિષ્ટ રીતે નહિ જણાવેલો કોઈપણ ઉપાય કરવા બાબત. | ૬૬(૪૨) |
| (૬) | ચાલુ ઉધાનો માટે કલાત્મક હેતુસર જયારે જરૂર લાગે ત્યારે ઉધાનો બગીચાઓ, સંગ્રહસ્થાન વિગેરેના નવા લેઆઉટ તૈયાર નવા ઉધાનો, બગીચાઓ, સંગ્રહસ્થાન વિગેરેના નવા લેઆઉટ તૈયાર કરવા બાબત. કરવા બાબત. | |
| (૭) | પુરાણા સ્મારકોની જાળવણીના એકટ ૧૯૦૪ મુજબ ઐતિહાસિક એન્સીએટખ્યાતિ અથવા કુદરતી સૌંદર્યના પદાર્થોની જાળવણી માટેની સત્તા. મોન્યુમેન્ટ | પ્રીઝર્વેશન એકટ ૧૯૦૪ |
| (૮) | કોર્પોરેશનને પ્રાપ્ત થયેલા રસ્તાઓ અને સાર્વજનિક જગ્યાઓને ના આપવા અથવા નંબર આપવા બાબત અથવા જગ્યાઓને નંબર આપવા બાબત. | ૬૩(૯) |
| (૯) | પ્રતિષ્ઠિત વ્યકિતઓને આપવાના માનપત્રો તૈયાર કરવા બાબત અથવા માનપત્રો આપવા બાબત. | ૬૬(૨૬) |

૨. ઉપર જણાવેલા કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો પેરા ૩ માં નિર્દિષ્ટ કરેલી બાબતો સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ સમક્ષ રજુ કરવી અને એ સમિતિએ કરેલી ભલામણ સાથે કોર્પોરેશન સમક્ષ રજા્ કરવી.

પરંતુ નીચે જણાવેલ પેરા ૩માં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સમાજકલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિને જે સત્તા સવધીની છેવટની સત્તા સુપ્રત કરવામાં આવી છે તે સત્તા સુધીના કામોની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહિ.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ–૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો સમાજકલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ–૩૦ની પેટા કલમ (૬)ના પહેલા પરંતુ કમાં નિર્દેશ કર્યા મુજબ સમાજકલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયો હોય તેવા નિર્ણયો છેવટના ગણાશે.

| આઈટેમ | જેમાં સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|

## સામાન્ય

| | | |
|---|---|---|
| (૧) | સમાજકલ્યાણ આનંદપ્રમોદ અનેસાંસ્કૃતિક સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટેમ અંગે રૂા.૫,૦૦,૦૦૦/–સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજૂર કરવાની સત્તા. | |
| (૨) | સમિતિને સોપેંલા કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજૂરી આપવાની સત્તા. | સ્થાયી સમિતિએ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા . |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|
| (૧) | ઉપર જણાવેલ ફકરાઓથી સમાજકલ્યાણ આનંદપ્રમોદ અનેસાંસ્કૃતિક સમિતિનીહકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબધ ધરાવતા વિષય પર પોતાનું નિવેદનમોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી ોતાનો શેરો કરીને મોકલવાનું કમિશ્નરને ફરમાવવાના અધિકાર. ૭૧(૧)(ક)મુબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ની કલમ ૩૦(૧)અન્વયે નિયુકત થયેલ "ગટર સમિતિ" નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦(૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે. | |

| આઈટેમ | ગટર સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્રમર્યાદા | બો.પ્રો.મ્યુ.કો. એકટ, ૧૯૪૯ની કલમ |
|---|---|---|

## પ્રકરણ–૧૨

**મોરીઓ અને પાણીના નિકાલ બાબત.**

| | | |
|---|---|---|
| (૧) | શહેરમાંના પાણીનો સારી રીતે નિકાલ કરવા માટે જરૂરી હોય તેઓ નવી મોરીઓ બાંધવા બાબત. | ૧૫૩(૧) |
| (૨) | ખાનગી માલિકીની મોરી અને પાણીના નિકાલ માટેના કામો કોર્પોરેશનને પ્રાપ્ત થવા બાબત. | ૧૫૪ |
| (૩) | ગટર ગંદકી, દુર્ગંધ મારતો પદાર્થ અને કચરો પુંજો એકઠા કરવા,લઈ જવા, તેની વ્યવસ્થા કરવા અને તેનો નિકાલ કરવા બાબત અને રાજયની સરકાર ફરમાવે તો તેવા ગટરના ગંદકી, દુર્ગંધ મારતા પદાર્થ કચરાપુંજામાંથી મિશ્ર ખાતર બનાવવા બાબત. | ૬૩(૩) |
| (૪) | ગટરની ગંદકીના નિકાલ માટે પ્રક્ષેત્ર અથવા કારખાનું સ્થાપવા તથા નિભાવવા બાબત. | ૬૬(૩૧) |
| (૫) | ખાનગી માલિકીના ગટરની ગંદકીના નિકાલ માટેનું કામ મહાનગરપાલિકાને પ્રાપ્ત થવા બાબત. | ૧૫૪ |
| (૬) | ગટરની ગંદકીના નિકાલ સાથે સંબંધ ધરાવતા પ્રક્ષેત્રના (Carriers) કેરીયર્સ,રસ્તા , ટાંકીઓ અને બીજા સઘળા કામો. | |
| (૭) | ગટરની ગંદકીના નિકાલ માટેના પ્રક્ષેત્રના વિકાસ માટે જમીન સંપાદન કરવા બાબત. | |
| (૮) | એક વર્ષ કરતાં વધુ સમય માટે ગટરની ગંદકીના નિકાલ માટેના પ્રક્ષેત્રની જમીન પટે આપવા બાબત. | |
| (૯) | કોર્પોરેશને મંજુર કરેલી બોલીઓ મુજબ ખાનગી વ્યકિતઓને ગટરની ગંદકીનું મેલું પાણી વાર્ષિક રૂા. ૫૦૦/– કરતા વધુ કિંમત થતી હોય તેવા પ્રસંગે વેચાણ કરવા બાબત. | |

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ ગટર સમિતિ સમક્ષ રજુ કરવી અને એ સમિતિએ કરેલી ભલામણો સાથે કોર્પોરેશન સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચેના ફકરા ૩ માં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે ગટર સમિતિને જે યત્તા સુધીની છેવટની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે તે યત્તા સુધીના કામોની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહીં.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો ગટર સમિતિને સુપ્રત કરે છે કે અધિનિયમની કલમ ૩૦ ના પેટા કલમ (૬) ના પહેલાં પરંતુ ક માં નિર્દેશ કર્યા મુજબ ગટર સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના નિર્ણયો ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટનાં ગણાય તેવી રીતે સપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | કાયદાની કલમો |
|---|---|---|

## પ્રકરણ – ૧૨

**મોરીઓ અને પાણીના નિકાલ બાબત.**

(૧) જો કામનો ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/– થી વધતો ન હોય અને ચાલુ અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તો શહેરમાંના પાણીને સારી રીતે નિકાલ કરવા વખતો વખત જરૂરી હોય તેવી નવી મોરીઓ બાંધવા બાબત. ૧૫૩(૧)

**સા મા ન્ય**

(૨) જો અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તો ગટર સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટમ અંગે રૂા.૫,૦૦,૦૦૦/– સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજુર કરવાની સત્તા.

(૩) સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સ્થાયી સમિતિએ કલમ કલમ ૨૪ (૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા.

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ : | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | કાયદાની કલમ |
|---|---|---|
| (૧) | અગાઉ ફકરાઓમાં જણાવેલા ગટર સમિતિની હકુમતમાં સપ્રત કરેલા કાર્યપ્રદેશને લગતી અગર સંબંધ ધરાવતી કોઈપણ બાબત અંગે પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતા તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પર પોતાનો શેરો કરી મોકલવાનો કમિશ્નરને ફરમાવવાનો અધિકાર. | ૭૧ (૧) (ક) |

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૩૦ અન્વયે નિયુકત થયેલ " કાયદા સમિતિ " નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦ (૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

૧. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સમિતિના કામકાજનું ક્ષેત્ર મહાનગરપાલિકા, કમિશ્નર, અગર મહાનગરપાલિકાની કોઈપણ સમિતિ જણાવે તે કાયદાના બધા સવાલો ઉપર વિચારણા કરવાનું અને તે ઉપર પોતાનો અભિપ્રાય આપવાનું અને ખાસ કરીને મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમની કલમ ૪૮૧ ની પેટા કલમ (અ), (બ), (ક), (ડ), (ઈ), (ફ), (એચ) અને (આઈ) માં જણાવેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ માટે અથવા મહાનગરપાલિકાના પ્રાધિકારીને અથવા મહાનગરપાલિકાના અધિકારીને અથવા સેવકને પ્રાપ્ત થયેલો કોઈપણ અધિકાર ચલાવવાનું અથવા તેના પર નાંખવામાં આવેલી કોઈપણ ફરજ અદા કરવાનું સુનિશ્ચિત કરવા માટે કમિશ્નરને સલાહ આપવાનું રહેશે.

૨. વધુમાં એવું ઠરાવવામાં આવે છે કે મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકાના અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૪૮૧ ના પરંતુ ક અનુસાર મહાનગરપાલિકાના કમિશ્નર કાયદા સમિતિને જણાવે તે બાબતમાં સમિતિએ વિધિ સંબંધી સલાહ આપવી.

------*------

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૩૦(૧) અન્વયે નિયુકત થયેલ "રૂગ્ણાલયો વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ " નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦ (૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

---

| આઈટેમ | રૂગ્ણાલયો વૈદકિય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્રમયાદા. | મુંબઈ પ્રાંતિક મહાનગર પાલિકા અધિનિયમ, ૧૯૪૯ ની કલમ |
|---|---|---|
| (૧) | સ્પર્શજન્ય અથવા ચેપી રોગથી પીડાતા અથવા જેને એવા રોગનો ચેપ લાગેલો હોવાનો શક હોય એવા શખ્સોને અલગ રાખવા અને તેમનો ઉપચાર કરવા માટેના ચિકિત્સાલયો અને દવાખાના બાંધવા અથવા સંપાદન કરવા બાબત અને લોકોને વૈદકીય રાહત માટે જરૂરના હોય તેવા બીજા ઉપાયો લેવા બાબત. | ૬૩(૬) |
| (૨) | હડકવાનો ઉપચાર કરવા માટે પ્રબંધ કરવા બાબતની સત્તા. | ૬૪ |
| (૩) | ગાંડાઓ અને રકતપિત્તિયાઓના નિભાવ માટે પ્રબંધ કરવા બાબતની સત્તા. | ૬૫ |
| (૪) | પ્રસુતિગૃહો અને શિશુ કલ્યાણગૃહો અથવા કેન્દ્રના સંગઠન, નિભાવ અથવા વ્યવસ્થા બાબત. | ૬૬(૨) |
| (૫) | સગર્ભા અથવા યપમાન કરાવતી માતાઓ અથવા શિશુઓ અથવા શાળાના બાળકોને દુધ પુરું પાડવા બાબત. | ૬૬(૩) |
| (૬) | રોગીવાહન સેવા (એમ્બ્યુલન્સ સર્વીસ ) નિભાવ બાબત. | ૬૬(૧૩) |
| (૭) | પશુઓ માટેના દવાખાના અથવા ચિકિત્સાલયો બાંધવા અથવા નિભાવવા બાબત. | ૬૬(૨૩) |
| (૮) | લોકોની સુરક્ષિતતા, આરોગ્ય સગવડ અથવા શિક્ષણમાં અભિવૃધ્ધિ કરે તેવો આમાં અગાઉ વિશિષ્ટ રીતે નહીં જણાવેલો કોઈપણ ઉપાય કરવા બાબત. | ૬૬(૪૨) |

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ " રૂગ્ણાલયો વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ " સમક્ષ મુકવી અને એ સમિતિની ભલામણો સાથે તે મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચે દર્શાવેલા પ્રસંગો બાબતમાં "રૂગ્ણાલયો, વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ " ને જે યત્તા સુધીની છેવટની સત્તા સુપ્રત કરવામાં આવી છે તે યત્તા સુધીના કામની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહીં.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો " રૂગ્ણાલયો, વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ " ને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ ૩૦ ની પેટા કલમ (૬) ના પહેલાં પરંતુ ક માં નિર્દેશ કર્યા મુજબ "રૂગ્ણાલયો, વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ " ના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|

## સા મા ન્ય

| | | |
|---|---|---|
| (૧) | જો અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તો " રૂગ્ણાલયો, વૈદકિય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ " ના કાર્યક્ષેત્ર સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજુર કરવાની સત્તા. | |
| (૨) | સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજુરી આપવાની સત્તા. | સ્થાયી સમિતિ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા. |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | અધિકારો સુપ્રત કરવાના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|
| (૧) | અગાઉના ફકરાઓમાં જણાવેલા " રૂગ્ણાલયો, વૈદકિય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ " ના હકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પર પોતાનો શેરો કરીને મોકલવાનું કમિશ્નરશ્રીને ફરમાવવાના અધિકાર. | ૭૧ (૧) (ક) |

————*————

(૨) મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૩૦(૧) અન્વયે થયેલ " ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ " નામની ખાસ સમિતિના સદરહુ અધિનિયમની કલમ ૩૦(૨) હેઠળ નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

| આઈટેમ | ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્ર મર્યાદા. | મું. પ્રાં. મ. અ. ૧૯૪૯ની કલમ |
|---|---|---|
| (૧) | રસ્તાની બાજુઓ પર અને બીજે સ્થળે ઝાડો રોપવા ને નિભાવવા બાબત. | ૬૬(૮) |
| (૨) | સાર્વજનિક ઉદ્યાનો, બગીચાઓ, રમતગમતના મેદાનો અને વિનોદના સ્થળોની જોગવાઈ કરવા બાબત. | ૬૬(૧૦) |
| (૩) | મહાનગરપાલિકાના અધિકારીઓ અને સેવકો માટે રહેઠાણો બાંધવા અથવા ખરીદવા અને નિભાવવા બાબત. | ૬૬(૧૬) |
| (૪) | લોકોની સુરક્ષિતતા, આરોગ્ય સગવડ અથવા શિક્ષણમાં અભિવૃધ્ધિ કરે એવો આમાં અગાઉ વિશિષ્ટ રીતે નહીં જણાવેલો કોઈપણ ઉપાય કરવા બાબત. | ૬૬(૪૨) |

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ સમક્ષ મુકવી અને એ સમિતિની ભલામણો સાથે તે મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચે દર્શાવેલા પ્રસંગો બાબતમાં " ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ " ને જે યત્તા સુધીની છેવટની સત્તા સુપ્રત કરવામાં આવી છે તે યત્તા સુધીના કામની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહીં.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયે મહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો " ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ " ને સુપ્રત કરે છે કે અધિનિયમની કલમ ૩૦ ની પેટા કલમ (૬) ના પહેલા પરંતુ ક માં નિર્દિષ્ટ કર્યા મુજબ " ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ " ના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અડધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | એકટની કલમ |
|---|---|---|

**સા મા ન્ય**

(૧) જો અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તો " ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ " ના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટમ અંગે રૂા.૫,૦૦,૦૦૦/– સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજુર કરવાની સત્તા.

(૨) સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજુરી આપવાની સત્તા. — સ્થાયી સમિતિએ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા.

વધુમાં ઠરાવવામાં આવે છે કેમહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | અધિકાર સુપ્રત કરવાના પ્રકાર અને તેની મર્યાદા | એકટની કલમ |
|---|---|---|
| (૧) | અગાઉના ફકરાઓમાં જણાવેલા " ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ " ના હુકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પર પોતાનો શેરો કરીને મોકલવાનું કમિશ્નરશ્રીને અધિકાર. | ૭૧(૧) (ક) |

———*———

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૩૦(૨) અન્વયે આઈટેમ નં. ૫ (૬) અને ૫ (૮) હેઠળ અગાઉ મહાનગરપાલિકાએ નિયુકત કરેલા જાહેર બાંધકામ સમિતિ અને આઈટેમ નં. ૫ હેઠળ નિયુકત કરેલ પાણી સમિતિ નામની સમિતિના અધિકાર અને કાર્યપ્રદેશ સુપરત કરેલા છે. તે સમિતિઓમાંથી જુદા પાડીને " લાઈટ અને અગ્નિશમન " સમિતિના નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ રહેશે.

| આઈટેમ નંબર | લાઈટ અને અગ્નિશમન સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્રમર્યાદા. | મું. પ્રાં. મ. અ. ૧૯૪૯ ની કલમ |
|---|---|---|
| ૧. | વિદ્યુત શકિત અથવા કોઈપણ ઉપક્રમ ખરીદવા બાબત અથવા લોકોના સામાન્ય હિતમાં આવો કોઈપણ ઉપક્રમ શરૂ કરવા અથવા તને આર્થિક સહાય આપવા બાબત. | ૬૬(૧૯) |
| ૨. | સાર્વજનિક રસ્તાઓ, મહાનગરપાલિકાના બજારો અને મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલી સાર્વજનિક ઈમારતો પર દિવાબત્તી કરવા બાબત. | ૬૩(૭) |
| ૩. | આગ સામે જિંદગી અને મિલ્કતનું રક્ષણ કરવા અને અગ્નિશામક દળ રાખવા બાબત. | ૬૩(૫) |

૨. ઉપર જણાવેલા કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ લાઈટ અને અગ્નિશમન સમિતિ સમક્ષ મુકવી અને એ સમિતિની ભલામણો સાથે તે મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચે પેરા ૩ માં દર્શાવેલા પ્રસંગો બાબતમાં લાઈટ અને અગ્નિશમન સમિતિને જે સત્તા સુધીની છેવટની સત્તા સુપરત કરવામાં આવી છે તે સત્તા સુધીના કામની દરખાસ્તો મહાનગરપાલિકાસમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહીં.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ ૩૦(૨) અન્વયેમહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો લાઈટ અને અગ્નિશમન સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમોની કલમ ૩૦ ની પેટા કલમ (૬) ના પહેલા પરંતુ, નિર્દિષ્ટ કર્યા મુજબ લાઈટ અને અગ્નિશમન સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયો હોય તેવા નિર્ણયો છેવટનો નિર્ણય ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | મું. પ્રાં. મ. અ. ની કલમ |
|---|---|---|
| | **સા મા ન્ય** | |
| ૧. | જો અંદાજપત્રમાં જોગવાઈ કરેલી હોય તો લાઈટ અને અગ્નિશમન સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટમ અંગે રૂા.૫,૦૦,૦૦૦/– સુધીનો ખર્ચ તેમજ અંદાજ મંજુર કરવાની સત્તા. | |
| ૨. | સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજુરી આપવાની સત્તા | સ્થાયી સમિતિએ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલીસત્તા |

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | એકટની કલમ |
|---|---|---|
| ૧. | અગાઉના ફકરાઓમાં જણાવેલ લાઈટ અને અગ્નિ(શમન) સમિતિના હકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનુંઅથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પર પોતાનું શેરો મોકલવાનું કમિશ્નરને ફરમાવવાના અધિકાર. ૭૧(૧)(ક) | |

મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૩૦(૨)અન્વયે આઈટેમ નં. ૮ (૨) અને ૮ (૫) હેઠળ અગાઉ મહાનગરપાલિકાએ નિયુકત કરેલા આરોગ્ય સમિતિ અને આઈટેમ નં.૧૧, ૧૩, અને ૨૯ હેઠળ નિયુકત કરેલ નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિ, આઈટેમ નં.૩ હેઠળ નિયુકત કરેલ સમાજકલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક અને આઈટેમ નં ૪ હેઠળ નિયુકત કરેલા કોર્પોરેશનના અધિકાર અને કાર્યપ્રદેશ સુપ્રત કરેલા છે તે સમિતિમાંથી જુદા પાડીને "ગંદા વિસ્તાર સુધારણા સમિતિ" ના નીચે મુજબના અધિકાર તથા કાર્યપ્રદેશ રહેશે.

| આઈટેમ નંબર | ગંદા વિસ્તાર સુધારણા સમિતિના કામકાજનો પ્રકાર અને ક્ષેત્ર મર્યાદા | મુ.પ્રા.મ.અ. ૧૯૪૯ની કલમ |
|---|---|---|
| ૧. | સાર્વજનિક પાયખાન, સંડાસો, મુતરડીઓ અને એવી બીજી સગવડો બાંધવા બાબત. | ૬૩(૪) |
| ૨. | સાર્વજનિક ધોલાઈઘરો, નાહવાની જગાઓ અને લોક સ્વાસ્થની સુધારણ માટે બીજી એવી આરોગ્યને લગતી સગવડો બાંધવા બાબત. | ૬૬(૫) |
| ૩. | સ્વાસ્થ્યને હાની કરે અને એવા લત્તાઓ સુધારવા બાબત. | ૬૩(૧૬) |
| ૪. | ગરીબ અને કામોદાર વર્ગો માટે યોગ્ય રહેઠાણો બાંધવા અથવા ખરીદવા અને નિભાવવા બાબત અથવા આવા રહેઠાણોના પ્રબંધ કરવામાં હિત સંબંધ ધરાવતા કોઈપણ શખ્સ મંડળી અથવા સંસ્થાને નાણાં ધીરવા અથવા સગવડો આપવા બાબત. | ૬૬(૩૫) |
| ૫. | યોગ્ય વર્ગને રહેઠાણની સગવડો આપવા અંગેનો વિસ્તાર નકકી કરવા તેમજ કલમ ૨૮૪ (આઈ)–(૧) ની પેટા કલમ (એ), (બી) અને (સી) માં જણાવ્યા મુજબ બીજી એવી જ સગવડો આપવા કમિશ્નરને સત્તા આપવા. | ૨૮૪(આઈ)() |
| ૬. | શહેરમાં માનવ દુ :ખના નિવારણ માટે અથવા સાર્વજનિક સાર્વજનિક કલ્યાણ માટે ઉભા કરેલા કોઈપણ સાર્વજનિક નીધિમાં ફાળો આપવા બાબત. | ૬૬(૨૫) |

૨. ઉપર જણાવેલ કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ ગંદા વિસ્તાર સુધારણા સમિતિ સમક્ષ મુકવા અને એ સમિતિની ભલામણો સાથે તે મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવી .

પરંતુ નીચેના ફકરા ત્રણમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે ગંદા વિસ્તાર સુધારણા સમિતિને જે યત્તા સુધીની છેવટની સત્તા સુપ્રત કરવામાં આવી છે તે યત્તા સુધીના કામોની દરખાસ્તો મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહીં.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ–૩૦(૨) અન્વયેમહાનગરપાલિકા પોતાના નીચેના અધિકારો અને ફરજો ગંદા વિસ્તાર સુધારણા સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ–૩૦ ની પેટા કલમ (૬) ના પહેલા પરંતુ ક માં નિર્દિષ્ટ કર્યા મુજબ અંગે ગંદા વિસ્તાર સુધારણા સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછા અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | મું. પ્રાં. મ. અ. ની કલમ |
|---|---|---|
| ૧. | યોગ્ય વર્ગને રહેઠાણની સગવડો આપવા અંગેનો વિસ્તાર નકકી કરવા તેમજ કલમ ૨૮૪(આઈ) (૧) ની પેટા કલમ (એ) (બી) અને (સી) માં જણાવ્યા મુજબ બીજી એવી જ સગવડો આપવા કમિશ્નરને સત્તા આપવા. | ૨૮૪ (આઈ) (૧) |

## <u>સામાન્ય</u>

૨. ચાલુ વર્ષના બજેટમાં જોગવાઈ કરેલી હોય અને રૂા.૫,૦૦,૦૦/– કરતા વધુ ખર્ચ થતો ન હોય તો ઉપર જણાવેલ કોઈપણ આઈટેમના અંદાજો અને ખર્ચ મંજુર કરવાની સત્તા.

૩. સમિતિને સોંપેલ કાર્ય બાબતમાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજુરી આપવાની સત્તા.

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે મહાનગરપાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | મું. પ્રાં. મ. અ. ની કલમ |
|---|---|---|

૧. અગાઉના ફકરાઓમાં જણાવેલ ગંદા વિસ્તાર સુધારણા સમિતિના હકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મેળવી તેના પોતાના શેરો મોકલવાનું કમિશ્નરને ફરમાવવાનો અધિકાર મુંબઈ પ્રાતિક મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ ની કલમ –૩૦(૨) અન્વયે ગેસ સમિતિના નીચે જણાવ્યા મુજબના અધિકાર અને કાર્યપ્રદેશ રહેશે.

| આઈટેમ | ગેસ સમિતિનો કાર્યપ્રદેશ અને પ્રકાર | મું. પ્રાં. મ. ધ. ૧૯૪૯ ની કલમ |
|---|---|---|

૧. ગેસ પુરવઠા માટે કોઈપણ ઉપક્રમ ખરીદવા બાબત અથવા લોકોના સામાન્ય હિતમાં એવો કોઈપણ ઉપક્રમ શરૂ કરવા અથવા તેને આથિર્ક સહાય આપવા બાબત.

૨. ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગેની દરખાસ્તો પ્રથમ ગેસ સમિતિ સમક્ષ મુકવી અને એ સમિતિની ભલામણ સાથે આવી દરખાસ્તો મહાનગર પાલિકા સમક્ષ રજુ કરવી.

પરંતુ નીચે ફકરા ત્રણમાં નિર્દિષ્ટ કરેલી બબતો અંગે ગેસ સમિતિને જે યત્તા છેવટની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે તે યત્તા સુધીના કામની દરખાસ્તલ મહાનગર પાલિકા સમક્ષ રજુ કરવાની જરૂરીયાત રહેશે નહી.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે અધિનિયમની કલમ–૩૦(૨) અન્વયે મહાનગર પાલિકા પોતાના નીચેના અભિકારો અને ફરજો ગેસ સમિતિને સુપ્રત કરે છે અને નિર્દેશ કરે છે કે અધિનિયમની કલમ –૩૦ ની પેટા કલમ –૬ના પહેલા પરંતુ ક માં નિર્દેશ કર્યા મુજબ ગેસ સમિતિના કુલ સદસ્યોના ઓછામાં ઓછી અર્ધા સદસ્યોના ટેકાથી નિર્ણય લેવાયા હોય તેવા નિર્ણયો છેવટના ગણાશે.

| આઈટેમ | સમિતિના નિર્ણયો છેવટના ગણાય તેવી રીતે સુપ્રત થયેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | અધિનિયમની કલમ |
|---|---|---|

**<u>સામાન્ય</u>**

૧. અંદાજપત્રમાં જોગવાઈ કરેલા હોય તેવા ગેસ સમિતિના કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતી કોઈપણ આઈટમ અંગે રૂા. ૨,૦૦,૦૦૦/–સુધીના ખર્ચ કરાવાની સત્તા.

૨. સમિતિને સોંપેલા કાર્ય બાબતમાં રૂા.૨૦૦,૦૦૦/– સુધીના કરાર કરવાની મંજુરી આપવાની સત્તા. — સ્થાયી સમિતિએ કલમ ૨૪(૧) હેઠળ સુપ્રત કરેલ સત્તા

૪. વધુમાં ઠરાવવામાં અવે છે કે મહાનગર પાલિકા પોતાના નીચે મુજબના અધિકારો પણ સુપ્રત કરે છે.

| આઈટેમ | સુપ્રત કરેલા અધિકારોના પ્રકાર અને તેની મર્યાદા. | મું.પ્રા.મ.અ.ની કલમ |
|---|---|---|
| ૧. | અગાઉના ફકરાઓમાં જણાવેલ ગેસ સમિતિના હકુમતમાં સુપ્રત કરેલા કાર્યક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર પોતાનું નિવેદન મોકલવાનું અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ અધિકારી પાસેથી નિવેદન મુળવી તેના પર પોતાના શેરો કરીને મોકલવાનું કમિશ્નરને ફરમાવવાના અધિકાર. | ૭૧(૧)(ક) |